# પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે રેગ્યુલર પગાર બીલો સિવાયના તમામ બીલોનું ચુકવણું જેતે ઉપાડ અને ચુકવણા અધિકારીના ખાતામાં અત્રેથી જમાં કરાવવાની પધ્ધતીનો અમલ તા.૧.૧૦.૨૦૧૩ થી કરવામાં આવનાર છે, તો જે કોઈ ઉપાડ અને ચુકવણા અધિકારીના ખાતા ખોલાવવાના બાકી હોય તો તેમણે તાત્કાલિક અસરથી ખાતા ખોલાવી લેવા જણાવવામાં આવે છે. અન્યથા ખાતા નહીં ખોલાવવાના કારણે બીલોના ચુકવણા અટકી પડશે તો તેની સંપુર્ણ જવાબદારી જેતે કચેરીના નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીની રહેશે.

વધુમાં જણાવવાનું કે જે કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓએ ખાતા ખોલાવેલ છે તેમણે તેમના ખાતા નંબર અત્રેની કચેરીમાં રૂબરૂ ચકાસણી કરાવી લેવાની રહેશે. દરરોજ પાસ થયેલ બીલોની રકમ આ સાથે સામેલ રાખેલ નિયત પત્રકમાં દર્શાવી જેતે નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીના ખાતામાં જમા કરાવી જેની જાણ યુનિવર્સિટીની વેબ સાઈટ પર પરિપત્ર ધ્વારા કરવામાં આવશે. જેથી હવેથી ટ્રેઝરીસ્લીપ ઈસ્યુ કરવામાં આવશે નહીં. તેની સર્વોએ નોંધ લેવી.

સદરહુ પરિપત્ર હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની અનુમતી મેળવી બહાર પાડવામાં અવે છે.

જા.નં.નકૃયુ/વવહિઅ/બી.૪/ ૨૯૧૪–૬૪ /૨૦૧૩
નવસારી. તા. ૨૭ / ૯ / ૨૦૧૩

વહીવટી–વ–હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

<u>**નકલ સવિનય રવાના :–**</u>

(૧) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ ન.કૃ.યુ. નવસારી તરફ જાણ સારૂ.

(૨) તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ ન.કૃ.યુ.નવસારી તરફ જાણ સારૂ.

(૩) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ ન.કૃ.યુ. નવાસરી તરફ જાણ સારૂ.

# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

| અ.ન. | કચેરીનું નામ | બીલ નંબર/તારીખ | બીલની વિગત | વૌ.નં./તા. | નેટ રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| કુલ જમા કરવામાં આવેલ રકમ | | | | | |

| ચેક નંબર | તારીખ | ચેકની કુલ રકમ |
|---|---|---|
| | | |

વહિવટી-વ-હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી